# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમની 126મી કડીમાં આકાશવાણી પરથી પોતાના વિચારો રજૂ કરશે**
2. **રાજ્યભર ગરબા આયોજકો દ્વારા અગિયાર વાગ્યા બાદ સિંદૂર ગરબા યોજીને ભારતીય સૈન્યના સાહસને બિરદાવ્યું**
3. **દક્ષિણ ગુજરાતમાં આજે છૂટાછવાયા સ્થળો પર અત્યંત ભારે વરસાદની આગાહી**
4. **સુરતમાં થયેલા 26માં અંગદાનથી સાત લોકોને નવજીવન મળ્યુ**
5. **અમદાવાદ-ગાંધીનગર મેટ્રો કૉરિડોરમાં જૂના કોબા અને કોબા ગામ મેટ્રો મથક આજથી કાર્યરત્ થશે.**
6. **એશિયા કપ ટી-20 ક્રિકેટની ફાઇનલમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મૂકાબલો**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની  આ 126મી કડી હશે. હિન્દીમાં  મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# ORPERATION SINDUR GARBA

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના   આહ્વાન  પર ગઇકાલે રાજયભરમાં સૈન્યના શૌર્યને બિરદાવવા અને   સૈનિકોનાં પરાક્રમના સન્માનમાં રાત્રે ૧૧ વાગ્યે એક સાથે 'ઓપરેશન સિંદૂર' પર ગરબા ઘૂમીને ગુજરાતે ઇતિહાસ સર્જ્યો.

શક્તિની આરાધનાના પર્વને સેનાને સલામ કરવાનો અવસર બનાવવાની ગૃહ રાજ્ય મંત્રીએ તમામ ખેલૈયાઓ  , ગરબા આયોજકો અને સંચાલકોને  અપીલ કરી હતી.

**જેને રાજ્યના લોકોએ વધાવી લઈ એક સાથે 'ઓપરેશન સિંદૂર' પર ગરબે ઘૂમીને સૈનિકોનાં જુસ્સાને બિરદાવ્યો હતો. તેમણે એક નોરતું દેશના નૌજવાનોને નામ કરી સૈનિકો માટે સન્માન અને કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરવા આહ્વાન કર્યું હતું.**

# બાઇટ હર્ષ સંઘવી

---

## NAVRATRI

**(મ્યુઝિક)**

આજે છઠ્ઠુ નોરતું છે. આજે માં કાત્યાયની દેવી ની આરાધના કરવામાં આવે છે. મહર્ષિ કાત્યાયન એ સર્વ પ્રથમ તેમની ઉપાસના કરી હોવાથી તેમનું નામ કાત્યાયની છે તેમનું વાહન સિંહ છે. તેમની પૂજાથી ધર્મ અર્થ કામ-મોક્ષની પ્રાપ્તિ થાય છે, ભય અને કષ્ટોનો નાશ થાય છે.

આધ્યશક્તિના આરાધના પર્વ નવરાત્રીની રાજ્યભરમાં ભક્તિભાવથી ઉજવણી થઈ રહી છે. ત્યારે પાટણ જિલ્લામાં ગુર્જરવાડામાં પારંપરિક યોજાતા દોરી ગરબાનું આકર્ષણ જળવાઈ રહ્યું છે. ગુર્જર ગરબામાં એક સાથે 24 ખેલૈયાઓ દાંડિયા રાસ રમાતો જાય અને દોરી ગૂંથાતી જાય તેમજ છૂટતી પણ જાય. દોરી ગરબા સાથે નવરાત્રીના નવે દિવસ માતાજીની મૂર્તિને જે વસ્ત્રો અને શણગાર કરવામાં આવે છે , એ જ પ્રકારના વસ્ત્રો , આભૂષણો પહેરીને બહેનો ગરબે રમે છે.

તાપી જિલ્લાના વ્યારામાં ધીમીધારે વરસાદી માહોલ વચ્ચે ખેલૈયા ઓ ગરબે ઘૂમી રહ્યા હતા. છોટા ઉદેપુર જિલ્લામાં ધોધમાર વરસતા વરસાદ વચ્ચે પણ ખેલૈયાઓનો જુસ્સો ઘટ્યો નહીં અને ગરબે રમ્યા હતા.

ભાવનગરના તળાજા ગામ ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુદ્ધિ દિવ્યાંગ બાળકોના સારવારના કેન્દ્ર ઉપર દર વર્ષની જેમ આ વર્ષે પણ માતાજીની આરાધનાનું પર્વ નવરાત્રીની ઉત્સાહ-ભેર ઉજવણી કરવામાં આવી હતી.

અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિતના શહેરો અને નગરોમાં મોડી રાત સુધી ગરબાની રમઝટ બોલાવી હતી. પરંપરાગત ગરબા અને આધૂનિક સંગીતની સૂરાવલીઓ વચ્ચે આ ગરબા યોજાયા હતા. પરંપરાગત પહેરવેશ પરિધાન કરીને નાના મોટા , યુવાનોએ ગરબે ઘૂમ્યા હતા.

**(મ્યુઝિક)**

---

# PORBANDAR MAHER MANIYARO

પોરબંદરમાં મહેર મણીયારા રાસનું આયોજન કરાયુ છે. મહેર જ્ઞાતિના શોર્ય, શૂરવીરતા અને સાહસનું પ્રતિક એવા મણિયારા રાસનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે.

જેમાં મહેર જ્ઞાતિના પુરુષો અને સ્ત્રીઓ પરંપરાગત પહેરવેશમાં રાસ રમવા આવે છે. અને લયબદ્ધ રીતે મહેર યુવાનોને રમતા જોઈને શૂરવીરતાની ઝાંખી દેખાય છે. આ નોરતાએ આ રાસ જોવા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહેર સુપ્રીમ કાઉન્સિલના રજત જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે આ વર્ષે વિશેષ કાર્યક્રમ યોજાયો હોવાનું મહેર જ્ઞાતીના ભોજા આગઠે જણાવ્યું હતું.

## બાઇટ- ભોજા આગઠ, ખેલૈયા

મહેર જ્ઞાતિના પુરૂષો મણિયારો જ્યારે મહિલાઓ રાસડા રમીને પોતાની પરંપરાની જાળવી કરી રહ્યાં છે.

---

# RUPAL PALLI

ગાંધીનગરના રૂપાલમાં નવમા નોરતે નિકળી પરંપરાગત પલ્લી નિકળશે. વરદાયિની માતાજીની આ પલ્લી તેના પરંપરાગત રૂટ પર નિકળશે. સેંકડો ભક્તો આ નિમિત્તે રૂપાલમાં ઉમટી પડશે . ત્યારે વરદાયિની માતાજી મંદિરના ટ્રસ્ટી નિતીન પટેલે આ પલ્લીના આયોજનની વિગતો આપી હતી.

## નીતિન પટેલ, ટ્રસ્ટી, રૂપાલ વરદાયીની મંદીર

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે 30 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં આજે છૂટાછવાયા સ્થળ પર અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે અમરેલી, ભાવનગર, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની સંભાવના છે.

માછીમારોને પહેલી ઑક્ટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આજે સવારે મળસ્કે ચાર વાગ્યા સુધીમાં 38 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો . જેમાં વલસાડના કપરાડમાં ચાર ઈંચ જેટલો જ્યારે ડાંગમાં ત્રણ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે ગઇકાલ સાંજથી આહવા વઘઇ તાલુકા સાથે સાપુતારા ખાતે વરસાદ શરૂ થયો. ગિરિમથક સાપુતારા અને તેના તળેટી વિસ્તારોમાં સાથે આહવા, વઘઈમા ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો. વઘઈ

નાકા ફળીયા વિસ્તાર માં વાવાઝોડા સાથે વરસાદ થી નવરાત્રી પંડાલ નો ડીજે નો સેડ તુડયો અને પાણી ભરાયા આયોજકો મા દોડધામ

ચિંચલી અને ગારખડી વિસ્તારમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. તંત્રએ લોકોને સતર્ક રહેવા તેમજ સુરક્ષિત સ્થાને જવાની અપીલ હતી.

---

## ANGDAN SURAT

નવરાત્રિના પાવન પર્વે જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા રૂપાણી પરિવારના અંગદાન થકી સાત વ્યક્તિને મળ્યું નવજીવન. આ 26માં અંગદાન સાથે આસ્થા સાથે અર્પણનું અનોખું ઉદાહરણ જોવા મળ્યું હતું તેમ સુરતના જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા જણાવાયું હતું.

**બાઇટ- જીવનદીપ આસ્થા ફાઉન્ડેશન સુરત,**

---

## ASIA-CUP-CRICKET

ભારત આજે દુબઈમાં એશિયા કપ T20 ક્રિકેટ મેચની ફાઇનલમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. એશિયા કપના 41 વર્ષના ઇતિહાસમાં આ પહેલીવાર બનશે . જ્યારે બંને ટીમો ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે. ભારતે અત્યાર સુધીમાં આઠ વખત એશિયા કપ જીત્યો છે. આ વર્ષે, બંને ટીમો ટૂર્નામેન્ટમાં ત્રીજી વખત એકબીજા સામે ટકરાશે.

---